# <u>અખબારી યાદી</u>

## બોર્ડની જાહેર પરીક્ષાના સફળ સંચાલન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની બેઠકનું આયોજન.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે આગામી તા.૫-૩-૨૦૧૨ થી શરૂ થતી SSC/HSC ની જાહેર પરીક્ષાના સુચારૂ વ્યવસ્થિત આયોજન અને પરીક્ષાઓ સારી રીતે લેવાય તે માટે રાજયના તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ ની બેઠક તા.૨૨-૨-૨૦૧૨ ના રોજ બોર્ડની કચેરી ખાતે મળી હતી. જેમાં નીચેની વિગતોની ચર્ચા કરવામાં આવી હતી.

પરીક્ષા સંબંધી જરૂરી વિગતોની ચર્ચા કરવામાં આવી અને પરીક્ષાઓ સફળતા પૂર્વક લઇ શકાય તે માટે બોર્ડ દ્વારા એકશન પ્લાન તૈયાર કરવામાં આવેલ છે તેનો અસરકારક અમલ કરવા જણાવ્યું

ઉપરાંત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં જેઓ શાળામાં હાજરી આપી અભ્યાસ કર્યો નથી તેવા પરીક્ષાર્થીઓ પણ આ બંને પરીક્ષામાં ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ મારફતે ખાનગી ઉમેદવાર તરીકે ઉપસ્થિત રહી શકે તેવી જોગવાઇ ને કારણે શાળાકીય શિક્ષણથી વંચિત ઉમેદવારો ખાનગી પરીક્ષાર્થી તરીકે પરીક્ષા આપી રહ્યા છે. ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં ૫૩૧૨૬ અને માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં ૪૦૯૪૧ ઉમેદવારો ખાનગી ઉમેદવાર તરીકે નોંધાયેલ છે.

આ જાહેર પરીક્ષાઓના સુચારૂ સંચાલન માટે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માટે ૪૧ ઝોન તથા માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે ૬૮ ઝોનની રચના કરવામાં આવેલ છે. વિજ્ઞાન પ્રવાહના ૧૧૪૧૩૬ અને સામાન્ય પ્રવાહના ૪૩૫૪૩૦ તથા સંસ્કૃત મધ્યમાના ૫૫૨ ઉમેદવારો નોંધાયેલ છે. માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૧૨માં ૯૨૬૪૮૩ ઉમેદવારો પરીક્ષા આપશે. એસ.એસ.સી. પરીક્ષામાટે ૬૧૫ મુખ્ય કેન્દ્રો અને ૧૨૦ પેટા કેન્દ્રો મળી કુલ ૭૩૫ કુન્દ્રો છે. એચ.એસ.સી. પરીક્ષા માટે ૨૦૮ મુખ્ય કેન્દ્રો અને ૧૪૩ પેટા કેન્દો મળી કુલ ૩૫૧ કેન્દ્રો મંજુર કરવામા આવેલા છે જે પૈકી ૧૦૯ કેન્દોમાં વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પણ લેવામાં આવશે.

વિદ્યાર્થીઓને પરીક્ષાનો ડર ન લાગે અને કોઇ પરીક્ષા સંબંધીત માર્ગદર્શન મળે તે માટે બોર્ડ દ્વારા હેલ્પલાઇન ની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના ફોન નંબર (ટોલ ફ્રી) ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ પણ તા.૨૭-૨-૨૦૧૨થી હેલ્પલાઇન શરૂ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે. આ ઉપરાંત પરીક્ષા સંચાલન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

સમગ્ર પણે આગામી SSC/ HSC ની પરીક્ષાઓ માટે રાજય ભરમાં સૌના સહકાર થી ભયમુકત-નિષ્પક્ષ અને અસરકારક પરીક્ષાઓ લેવાનું બોર્ડ દ્વારા આયોજન થયુંછે. મૂલ્યાંકન અને પરિણામ તૈયાર કરવા બાબતે પણ બોર્ડ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા કટીબધ્ધ છે, અને પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા બોર્ડ અસરકારક પગલા લેવા અને તેનો અમલ કરવા જિલ્લા કલેકટરશ્રીઓ સાથે સંકલન કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને બેઠકમાં અનુરોધ કરવામાં આવ્યો હતો.

મધ્યસ્થ મૂલ્યાંકન સ્થળે જે શિક્ષકોના હુકમ કરવામાં આવે તેઓને જે તે શાળાઓએ મુલ્યાંકનની કાર્યવાહી કરવા માટે છુટા કરવાના રહેશે. જે શાળાના શિક્ષકો મધ્યસ્થ મૂલ્યાંકન સ્થળ પર ઉપસ્થિત નહીં થાય તેવી શાળાઓ વિરૂધ્ધ તેઓની માન્યતા રદ કરવા સુધીના પગલાં લેવામાં આવશે ખાસ કરીને બિન અનુદાનીત શાળાના શિક્ષકો પરીક્ષણ કાર્યમાટે આવતા નથી તે માટે ખાસ નોંધ લેવામા આવેલ છે અને તે શાળાઓ પરીક્ષણ કાર્ય માટે ન મોકલે તો તેઓની સામે સખ્ત પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવાનું વિચારેલ છે.

દરેક જિલ્લામાં પરીક્ષાના આયોજન માટે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક તા. ૨૯-૨-૨૦૧૨ પહેલા પુરી કરવા જાણ કરવામાં આવેલ છે અને જે તે જિલ્લાનો પરીક્ષાનો એકશન પ્લાન તૈયાર કરી તેનો અમલ કરવા જણાવવામાં આવ્યું.

રાજયકક્ષા અને જિલ્લા કક્ષાની સ્કવોર્ડની વ્યવસ્થા અંગે આયોજન કરવા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને પરીક્ષા સ્થળના સ્થળ સંચાલકો અને ખંડનિરીક્ષકો ને પરીક્ષા સબંધિત તાલીમ આપવાની વ્યવસ્થા કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને ખાસ ભારપૂર્વક જણાવવામાં આવેલ છે.

આ ઉપરાંત ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી માટે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોના નિયામકશ્રીઓને પણ તા.૨૩-૨-૨૦૧૨ના રોજ જી.સી.ઇ.આર.ટી ગાંધીનગર ખાતે બેઠક યોજી તાલીમ આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ:- ગાંધીનગર

તારીખ:- ૨૩-૨-૨૦૧૨